www.readwhere.com/read/m5/1695793#issue/9/1

જય હિંદ
પ્રકાશ ✕ પ્રગતિ ✕ પવિત્રતા



અમદાવાદ તા.૧૩

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી અને પ્રવક્તા નિશિત વ્યાસે જણાવ્યું કે વઢવાણ નગરપાલિકાની ચૂંટણીના દિવસે મતદાન વખતે આદેશ (વ્હીપ) વિરુધ્ધ મતદાન કર્યું હોઇ નીચેના સભ્યોને પક્ષમાંથી તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવે છે. માનકુંવરબા ઝાલા, પારૂલબેન ચૌહાણ, નિલેશભાઇ અગોરા, અંકિત ભાટી, ભાવનાબેન નાકીયા, ગજેન્દ્રસિંહ પરમાર, મીનાબા લીંબડ, નર્મદાબેન ચૌહાણ, રસિકભાઇ લકુમ, કૈલાસબેન ડોડીયા.



અમદાવાદ પૂર્વ સમાજ

૧૭૬ કેસોમાં ૩૭૭૦ કરોડની મિલ્કતો ટાંચમાં લેવાનો આદેશ કરવામાં આવ્યો છે. આટલી જંગી માત્રામાં મિલ્કતો એક જ ઝાટકે ટાંચમાં લેવાની બાબત પણ ઘણી ઈન્ફાકોનની ૫૫૬.૭૭ કરોડ તથા હિમાલયા દર્શન કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટીની ૫૨૩.૬૦ કરોડની મિલ્કતો ટાંચમાં લેવાના કેસ મુખ્ય છે.

## રાષ્ટ્રીય ગોકુલ મિશન યોજના હેઠળ ગુજરાતને નવ એવોર્ડ

ગાંધીનગર,તા.૧૩

રાજ્યના મંત્રી આર.સી. ફળદુએ જણાવ્યું હતું કે, ભારત સરકારના કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય હેઠળના પશુપાલન, ડેરી અને ફીશરીઝ વિભાગ દ્વારા દેશી પશુ ઓલાદોના સંરક્ષણ અને સંવર્ધન માટે અમલી 'રાષ્ટ્રીય ગોકુલ મિશન' યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૭-૧૮ માટે વિવિધ કેટેગરીના એવોર્ડની જાહેરાત ભારત સરકાર દ્વારા કરવામાં આવી છે. દેશના પશ્ચિમ ઝોનમાં વિવિધ કેટેગરીમાં જાહેર થયેલ એવોર્ડમાં ગુજરાત રાષ્ટ્રીય સ્તરે પ્રસ્થાપિત થયું છે. જેમાં ગુજરાતને કુલ ૦૯ (નવ) એવોર્ડ પ્રાપ્ત થયા છે.

### દેશી પશુ ઓલાદોના સરંક્ષણ સંવર્ધન ક્ષેત્રે ગુજરાત રાષ્ટ્રીય સ્તરે પ્રસ્થાપિત:ફળદુ

બેસ્ટ પર્ફોમિંગ સ્ટેટ એવોર્ડ (રાજ્ય સરકારના પશુપાલન ખાતાની આ યોજના સંબંધિત કામગીરી ધ્યાને રાખીને છે. રાષ્ટ્રીય ગોપાલ રત્ન ઓવોર્ડ (વ્યક્તિગત એવોર્ડ)ની કેટેગરીમાં દ્વિતિય અને તૃતિય સ્થાન એમ બે એવોર્ડ રાજ્યના

અન્ય બે ધારાસભ્ય સૂચક મૌન પાળી રહ્યા છે. માટે ધારાસભ્યને વિશ્વાસમાં લઈને પક્ષ નિર્ણય લેશે.

## ધોળકા તાલુકા પંચાયત કોંગ્રેસે ભાજપ પાસેથી આંચકી:વ્યાસ

અમદાવાદ તા.૧૩

આજે રાજ્યમાં તાલુકા પંચાયત પદાધિકારી પ્રમુખ- ઉપપ્રમુખની અઢી વર્ષના કાર્યકાળ પૂર્ણ થતાં યોજાયેલ પ્રમુખ/ઉપપ્રમુખની ચૂંટણીમાં કોંગ્રેસ પક્ષે ખેડા જિલ્લાની ખેડા, મહુધા, માતર, વસો, નવસારી જિલ્લાની વાંસદા, ખેરગામ, અમદાવાદ જિલ્લાની ધોળકા તાલુકા પંચાયત કોંગ્રેસ પક્ષે વિજય પ્રાપ્ત કર્યો છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી અને પ્રવકતા નિશિત વ્યાસે જણાવ્યું હતું કે, અમદાવાદ જિલ્લાની ધોળકા તાલુકા પંચાયતમાં કોંગ્રેસ પક્ષે ભાજપ પાસેથી આંચકી લઈને ભાજપાને જોરદાર લપડાક આપી છે રાજ્યના વરિષ્ઠ મંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા અને સ્થાનિક વહીવટી તંત્રના અનેક ધમપછાડા છતાં કોંગ્રેસ પક્ષના તાલુકા પંચાયતમાં ચૂંટાયેલા સભ્યોએ એક થઈને તાલુકા પંચાયત કબજે કરી છે. ભાજપા તાલુકા પંચાયતમાં કોંગ્રેસ પક્ષે સત્તા જાળવી રાખી છે. ખેડા જિલ્લાની મહેમદાવાદ તાલુકા પંચાયતમાં કોંગ્રેસ પક્ષનો પ્રમુખ/ઉપપ્રમુખ પદે વિજય નિશ્ચિત દેખાતા ગાંધીનગરની ભાજપા સરકારના ઈશારે ચૂંટણી ખોટી રીતે ચૂંટણી મોકુફ રાખી. મહેમદાવાદ અને ચીખલી તાલુકા પંચાયતમાં જાહેરનામા મુજબ આજરોજ ચૂંટણી ન યોજીને ભાજપા સરકારે લોકતંત્રની હત્યા કરી છે.

### રાજ્યમાં દારૂનો સપ્લાય કરતા બુટલેગરો સામે પોલીસે સકંજો કસ્યો

## દારૂબંધીના લીરા ઉડાડનાર ૨૫

પોલીસે તપાસ કરતા અસ્થિર મગજના અને બહેરા-મૂંગા આ યુવાનના માથામાં હતી. દરમ્યાનમાં પોલીસે આજુબાજુ પૂછપરછ કરતા જાણવા મળ્યું હતું કે, છેલ્લા દોઢ હત્યા હતી કે કોઈ અન્ય ઘટના હતી તે બાબતે તપાસ ચાલી રહી છે.



ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી (આઈઆઈટી) ગાંધીનગર દ્વારા આજીવિકા અપાવતા વિવિધ કૌશલ્યલક્ષી વ્યવસાયો અંગે યોજાયેલી બે માસની શિબિરમાં જરૂરમંદ યુવક-યુવતીઓ અને મહિલાઓએ તેમણે મેળવેલી તાલીમનું નિદર્શન કરાવી રહયા છે. સિલાઈ કામ, વાયરિંગ, વેલ્ડિંગ, પ્લમ્બિંગ, કોમ્પ્યુટર સોફ્ટવેર અને હાર્ડવેર સહિતના વ્યવસાયો કરી તેમના કૌશલ્ય અને હુન્નર દ્વારા પગભર થવા ઈચ્છતા ધરાવતા ૧૦૦ ઉપરાંત લોકોએ આ શિબિરમાં તાલીમ મેળવી હતી.....

## અમદાવાદમાં ૪૧.૬ ડિગ્રી ગરમી

## દક્ષિણ ગુજરાત-સૌરાષ્ટ્રમાં

**Title:** Photo Feature
**Source:** Jay Hind (Pg. No. 09)
**Link:** http://www.readwhere.com/read/m5/1695793#issue/9/1
**Date:** 14-06-2018